## તસવીર-એ-બયાં

શૈલેશ રાવલ

# ત્રાહિમામ્: આ ગરમી અને ભોળું પારેવું



તોબા આ ગરમીનો પારો ને ઉપર આ અધિકમાસ, માનવી તો જેમતેમ દા'ડા પસાર કરી લે, પણ ભોળા આ પારેવાનું શું? ઝાડને પગ કે પાંખો હોત તો તે પણ છાંયડો શોધતાં હોત! આવી કાળઝાળ ગરમીમાં બપોરથી લઈને મોડી રાત સુધી ચાલુ રહેતી લૂ શરીર તો ઠીક મગજ પણ શેકી નાખે છે. રસ્તા પર વાહનો ભટકાય ને માનવીઓ સામે આવે તો તેમનાં મગજ ઘુરકિયાં કરે તેનાથી પાછો વાતાવરણનો પારો વધારે ઊંચકાય. પ્રયત્ન એ કરો કે ગરમી ટાળો, મગજને શાંત રાખો, નહીંતર આ ભોળા પારેવાની જેમ સામેથી ડાયનોસોરના મુખમાં પ્રવેશ કરી જશો અને તમને ખબર પણ નહીં પડે કે શું થયું? બિલાડી હુમલો કરે ત્યારે કબૂતર આંખ બંધ કરે તેવી કહેવત તો સૌએ સાંભળી હશે, પણ આ અધિક માસની ગરમી મગજે ચઢે તો ઉઘાડી આંખે સામે ચાલીને ડાયનોસોર મુખપ્રવેશ થઈ જાય અને ગરમીના પ્રકોપની નવી કહેવત ઉદ્ભવે 'અધિક જેઠની ગરમી કરતાં આ ડાયનોસોર ભલું...!'

# રહસ્યમયી પદચિહ્નો : જેટલાં મોઢાં એટલી વાતો

## માનો યા ના માનો

પ્રશાંત પટેલ

(ગતાંકથી શરૂ)

ઈંગ્લેન્ડની ડિવોન કાઉન્ટિને બરફની ચાદરે જાણે ઢાંકી દીધી હતી. ઠંડીમાં ઠૂંઠવાતા લોકોને ઝાટકો ત્યારે લાગ્યો જ્યારે વહેલી સવારે લગભગ 100 માઈલના ક્ષેત્રમાં એક રહસ્યમયી જાનવર (પ્રેત કે શેતાન)ના ખુર એટલે કે પગનાં નિશાન જોવા મળ્યાં. આ પગનાં નિશાનો એક ચર્ચના બગીચામાંથી શરૂ થઈને લિટલહેમ પાસે એક ખેતરમાં જઈને સમાપ્ત થઈ જતાં હતાં. એટલે કે ચર્ચથી લઈને બગીચા વચ્ચે આ પદચિહ્નો સર્વવ્યાપક હતાં. સર્વવ્યાપક એટલા માટે કહી શકાય, કેમ કે આ પદચિહ્નો માન્યામાં ન આવે એવી જગ્યાએ જેમ કે ઘરની છત, પાતળી-સાંકળી દીવાલો પર, પાઈપ પર, બગીચામાં, ચારે બાજુ ઊંચી-ઊંચી દીવાલોથી ઘેરાયેલા આંગણામાં, આંગણામાં પડેલાં (બરફથી ઢંકાયેલા) વાસણો પર અને ખુલ્લી જગ્યાઓમાં એમ તેના ચાલવાની સીધી લાઈનમાં આવતી ગમે તે જગ્યા હોય, તેના પર જોવા મળ્યાં હતાં.

વૂડબરીના ચર્ચની બહાર જામેલા બરફમાં શેતાની જાનવરનાં નિશાન હતાં. આટલો સખત બરફ જામેલો હોય ત્યાં આવાં નિશાન બનાવવાનું ત્યારે જ શક્ય બને જ્યારે લોખંડ અથવા કોઈ કઠોર ધાતુના બનેલા ખુરને અગ્નિમાં બરાબર તપાવીને આ બરફમાં મૂકવામાં આવે. વળી, આવું તપાવવાનું કામ દરેક પગલે કરવું પડે. તેથી એક વાત તો સ્પષ્ટ હતી કે આ કોઈ સામાન્ય જાનવર કે મનુષ્યના ગજાની વાત નહોતી. કોઈ કહેતું કે આ કોઈ રહસ્યમયી જાનવરની કરામત છે, તો કોઈ કહેતું આ જાનવરનું પ્રેત અથવા કોઈ શેતાનનું કામ છે. આમ, જેટલાં મોઢાં એટલી વાતો હતી.



છેવટે આ પદચિહ્નોની તપાસ માટે સ્નિફર ડોગ લાવવામાં આવ્યાં. એક જગ્યાએ પદચિહ્નો ઝાડીઓમાંથી પસાર થઈ રહ્યાં હતાં. કૂતરાંઓ નિશાન સૂંઘતાંની સાથે જ જોરજોરથી ભસવા લાગ્યાં, જાણે તેમને કોઈ બાબતનો ડર લાગી રહ્યો હોય. લાખ પ્રયત્નો કરવા છતાંય ટ્રેનરો આ કૂતરાંઓને આગળ વધવા માટે પ્રેરિત ન કરી શક્યા. કૂતરાંઓ ડરેલાં છે તેવું સ્પષ્ટ દેખાઈ આવતું હતું. આ ઘટના પછી તો સમગ્ર ડિવોનમાં આ પ્રેતરૂપી જાનવર(કે શેતાન)નો ડર લોકોમાં

### ડિવોનમાં આ પ્રેતરૂપી જાનવરનો ડર લોકોમાં વ્યાપ્ત રહ્યો

વ્યાપ્ત રહ્યો. લોકો રાતના અંધારામાં બહાર જવાનું ટાળવા લાગ્યા. ઈ.સ. 1855માં હાલ જેવા વિડિયો કેમેરા કે સ્માર્ટફોન જેવું કશું હતું નહીં, માટે આ ઘટના વિશે કોઈ નક્કર પ્રમાણ સ્વરૂપે બહુ જ ઓછી જાણકારીઓ ઉપલબ્ધ છે. આ શેતાની પદચિહ્ન જેને લોકો ડેવિલ્સ ફૂટપ્રિન્ટ તરીકે ઓળખે છે તેના વિશે પ્રકાશ પાડતો એકમાત્ર વિવરણ ડિવોનશાયર એસોસિએશનનો પત્ર છે, જે ઈ.સ. 1950માં પ્રકાશિત થયો હતો. આ દસ્તાવેજ રેવરેન્ડ જી.એમ. મુસગ્રોવના પત્રોમાંથી મળ્યો હતો જેમાં રેવરેન્ડે આ પદચિહ્નોનું ચિત્રાંકન કર્યું હતું. તેમણે ઈલસ્ટ્રેટેડ લંડન ન્યૂઝને આ અંગે પત્ર પણ લખ્યો હતો.

ઈ.સ. 1994માં માઈકલ ડેશે બધા જ જાણીતા સ્રોતોથી શેતાની પદચિહ્ન વિશે જાણકારી એકઠી કરી અને તેને એકસૂત્રમાં પરોવીને 'ફોર્ટીન સ્ટડીઝ' નામે એક પત્ર પ્રકાશિત કર્યો. પોતાના આર્ટિકલમાં માઈકલ ડેશે એ બધી થિયરીઓને રજૂ કરી, જે લોકોએ આ શેતાની પદચિહ્નો વિશે આપી હતી. આર્ટિકલના અંતમાં નિષ્કર્ષ સ્વરૂપે તેમણે માત્ર એટલું લખ્યું કે, એક પણ સ્રોત એવો નથી જે આ પગનાં નિશાનોની યોગ્ય વ્યાખ્યા કરી શકે, તેથી આજે અત્યારે અને બની શકે છે કે આવનારા સમયમાં પણ આ રહસ્ય રહસ્ય જ રહેશે!■

prashantvpatel2011@gmail.com

# જણનારીમાં જોર જોઈએ

## મેનેજમેન્ટની ABCD

બી.એન.દસ્તૂર

નવેમ્બર, 1988. ગોદી ક્રોસ રોડ, દિલ્હી. મારા એક દોસ્ત સાથે હું હતો ઓટોમાં અને ધસમસતી આવતી કારે ઓટોને ટક્કર મારી. રિક્ષા પલટી ખાઈ ગઈ, કાર ભાગી ગઈ અને મારા ડાબા પગમાં નવ ફ્રેક્ચર કરતી ગઈ.

દિલ્હીના દોસ્તોએ વિમાનમાં 'સ્ટ્રેચર કેસ' કરી મને અમદાવાદ ભેગો કરી દીધો.

7 કલાકના ઓપરેશન પછી હું ખાટલામાં હતો, ડિપ્રેશનમાં હતો.

એક ડૉક્ટર દોસ્ત મળવા આવ્યો. મારા એક્સ-રે જોયા અને મને કહ્યું કે, 'હવે કારની રેલીમાં તો ઠીક, પણ શહેરમાં પણ કાર ડ્રાઈવ કરવાનું ભૂલી જા. બુલેટ મોટરસાઈકલ વેચી માર અને વ્હીલચેર ખરીદી લે.' એના કમનસીબે (અને મારા સદ્નસીબે) મારી મમ્મી હાજર હતી. એનો જન્મ અને ઉછેર સેલ્વાસાના જંગલમાં થયો હતો, વાઘ-દીપડા સાથે. એ 13 વર્ષની થઈ ત્યારબાદ પહેલી વાર ટ્રેન જોઈ હતી. એણે ડૉક્ટરને કડક અવાજમાં કહ્યું, 'બક બક બંધ કર. કાર અને મોબાઈલ ચલાવવા કે વ્હીલચેર લેવી એ મારો દીકરો નક્કી કરશે. એને ઠીક લાગશે તો ખાટલા ઉપર સડીને મરી જશે. એ શું કરશે એ તારે નક્કી કરવાની જરૂર નથી.' અને હું જાગી ગયો. બગલઘોડી, વોકર, વોકિંગ સ્ટિક વાપરી 30 મહિને ચાલતો, હાલતો, કાર અને બાઈક ચલાવતો થઈ ગયો. મમ્મીએ બતાવ્યું કે ઈન્સાને એની નિયતિ એના હાથમાં રાખવાની છે.

ઈન્સાનો આવે બે પ્રકારના.

એક એવા જે એમને જોઈતું મેળવવા, સમસ્યાઓનાં સમાધાન શોધવા, કરવા જેવું બધું જ કરે. સમસ્યા ઉપર 'ચેલેન્જ'નું લેબલ મારે. બાંય ચડાવી લડી નાખે.

બીજા પ્રકારના ઈન્સાનો એવા હોય છે કે મુશ્કેલીનો સામનો આછો પાતળો કરી, હાથ ઊંચા કરી નાખે. પેલા ઈસપના શિયાળની જેમ બે-ચાર કૂદકા મારી 'દ્રાક્ષ ખાટી છે' એવું કહી જાતને છેતરી, જમીન ઉપર પડેલાં ખાટાં બોર ખાઈ નાખે. પેલા કાગડાની જેમ પાણી પીવા માટે જગમાં કાંકરા ન નાખે.

કૂતરાંઓ અને ઉંદરો ઉપર કરવામાં આવેલાં પ્રયોગોમાં જે કૂતરાંઓને, ઉંદરોને ઈલેક્ટ્રિક શોકનો અનુભવ કરાવવામાં આવ્યો તે બધાં પાછળથી એમાંથી છટકવાની તક આપવા છતાં શોક સહન કરતા રહ્યા.

સાયકોલોજીમાં આવા બિહેવિયરને નામ અપાયું છે 'લર્નડ હેલ્પલેસનેસ - Learned helplessness' - સ્વલાચારી. એવી લાચારી જે એમણે શીખી અને સ્વીકારી લીધી છે.

જિંદગીનું મેનેજમેન્ટ આખરે તો આપણે જાતે જ કરવાનું છે. મદદ આપનારાઓ હાજર છે, ઈશ્વર ઉપર ભરોસો

**જિંદગીનું મેનેજમેન્ટ આપણે જાતે જ કરવાનું છે. મદદ આપનારાઓ હાજર છે, ઈશ્વર ઉપર ભરોસો છે, પણ મદદ અને ભરોસા ઉપર જિંદગી મેનેજ ન થાય**

છે, પણ મદદ અને ભરોસા ઉપર જિંદગી મેનેજ ન થાય. માહિતી, જ્ઞાન, આવડત, પ્રતિભા અને અનુભવને સહારે, જાણકારોની મદદ મેળવી, જિંદગીમાં આવતી અને આવનારી સમસ્યાઓ સામે લડી લેવાની તૈયારી અને તમન્ના જોઈશે.

સાઈકોલોજીમાં એક શબ્દપ્રયોગ છે 'સેલ્ફ ફુલફીલિંગ પ્રોફિસિ (Self fulfilling prophecy)' પ્રોફિસિ એટલે ભવિષ્યવાણી. આ એવી ભવિષ્યવાણી છે, જે માનવી પોતે જ, પોતાની જાત માટે કરે છે અને એને સાચી પાડવા કરવા અને ન કરવા જેવું બધું જ કરી છૂટે છે.

'હું નિષ્ફળ જ જવાનો છું' એવી પ્રોફિસિ કરવાથી નિષ્ફળ જવાની ગેરંટી છે.

સ્વલાચારી એક ખતરનાક બીમારી છે. એનો ભોગ બનનાર વ્યક્તિ એવું માની બેસે છે કે જે કાંઈ બને છે એની પાછળ નસીબ છે, ચાન્સ છે. 'નસીબ બળવાન તો ગધા પહેલવાન' આવા ઈન્સાનોની માનીતી કહેવત છે. સાઈકોલોજીમાં આવી વ્યક્તિઓ 'એક્સ્ટર્નલ (External)' કહેવાય. બધું જ બહારનાં પરિબળોના હાથમાં છે એવું એ માની બેસે.

જરૂર છે 'ઈન્ટર્નલ (Internal)' બનવાની. સમસ્યાનાં સમાધાનો જાતે જ શોધવાનાં છે. મદદ માગવાની છૂટ છે, ઈશ્વરને લાંચ આપવાની, માખણ મારવાની છૂટ છે, પણ દિવસના અંતે મુશ્કેલીઓનો સામનો કરવાની જવાબદારી દરેકની પોતાની છે.

જરૂર છે એ સમજવાની કે ગઈ કાલની નિષ્ફળતાઓ, આવતી કાલની સફળતાની જનેતા છે.

જરૂર છે એ સમજવાની કે તમે એક ઈન્સાન છો. પેલા પ્રયોગોનાં કૂતરાં-ઉંદર નથી.

અને જરૂર છે અમારી, પારસીઓની ખૂબ વપરાતી અને થોરામાં ઘનું કહી જતી કહેવત યાદ રાખવાની- જણનારીમાં જોર જોઈએ.■

baheramgor@yahoo.com



## ફોટૂન -વિનુ વિચિત્ર




## ક્રોસવર્ડ -ભૂપેન્દ્ર શાહ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | | ■ | 3 | 4 |
| | ■ | | ■ | 5 | | |
| 6 | | | 7 | ■ | | ■ |
| | ■ | 8 | | 9 | ■ | 10 |
| ■ | 11 | ■ | ■ | 12 | 13 | |
| 14 | | ■ | 15 | | | ■ |
| 16 | | | | ■ | 17 | |

### આડી ચાવી

1. મુદ્દલ સાથે વ્યાજનું વ્યાજ ગણાતું હોય તેવું (4)
3. વાયરો, પવન, સમીર (2)
5. ઈરાનમાંથી ભારતમાં આવેલી પ્રજા (3)
6. હાથીને હાંકનારો (4)
8. રહેઠાણ, સ્થાન, બેઠક (3)
12. રૂ કાંતીને કાઢેલો તાર (3)
14. કાપવાથી પડતો આંકો (2)
15. દરકાર, કાળજી (3)
16. યુક્તિ પ્રયુક્તિથી કામ સાધી લેવાની તજવીજ (4)
17. શારીરિક નુકસાન (2)

### ઊભી ચાવી

1. એક જાતનો પથ્થર જે લોખંડ સાથે ઘસાવાથી અગ્નિ ઝરે (4)
2. ઘડપણ (4)
3. બોલ, શબ્દ, અક્ષર (3)
4. આગલા દિવસનું, તાજું નહીં એવું (2)
7. શરીર, દેહ, કાયા (2)
9. ખામી, વાંકગુનો (3)
10. એક કાંટાળી વનસ્પતિ (2)
11. મીઠું મીઠું બોલતું પક્ષી (3)
13. આફત, ધાડ, કમબખ્તી (3)
14. બગલ, ખભા નીચેના હાથનો ખાડો (2)
15. નદીની પહોળાઈ (2)

**આડી ચાવી:** 1. ચક્રવૃદ્ધિ 3. હવા 5. પારસી 6. મહાવત 8. સ્થાનક 12. સૂતર 14. કાપ 15. પરવા 16. ખટપટ 17. ઈજા **ઊભી ચાવી:** 1. ચકમક 2. વૃદ્ધાવસ્થા 3. હરફ 4. વાસી 7. તન 9. કસૂર 10. થોર 11. પોપટ 13. તવાઈ 14. કાખ 15. પટ

## ક્યૂટ કાર્ટૂન - જામી



## અનુસંધાન

### વિહાર

નિષ્ફળતાઓ. વર્ષો સુધી નિષ્ફળતાઓ છતાં તેમણે પ્રયત્નો છોડી દીધા નહીં. નવું વિચારતા રહ્યા. કામ કરતા રહ્યા. પોતાની મર્યાદાઓને ઓળંગતા રહ્યા. અંતે સફળ થયા.

જિંદગીમાં પ્રતિકૂળતા આવવી સામાન્ય છે. આ સ્પર્ધાત્મક જગતમાં કોઈ તમારા પ્રત્યે દયા દાખવીને તમને આગળ વધવા દેશે એમ માનવું એ શેખચલ્લી જેવું છે. હરીફાઈના યુગમાં બીજાને પાડી દઈને, એ પડેલા પર પગ મૂકીને આગળ વધવામાં આવે છે. એવી સ્થિતિમાં તમે જો પડી જાઓ તો કોઈ તમારો હાથ પકડીને ઊભા કરે એવી સંભાવના ઓછી હોય છે. તમારે જ ઊભા થવું પડે, તમારે જ તમારી છાતી પર મુકાયેલા પગને હટાવવો પડે, તમારે જ ધૂળ ખંખેરવી પડે, તમારે જ તાકાત એકઠી કરવી પડે અને તમારે જ ઊભા થઈને દોડવું પડે. એ માટેનું અડગ આત્મબળ કેળવવું પડે. કાળા માથાના માનવી માટે કશું અસંભવ નથી. ઈશ્વર માટે જે સંભવ છે તે તમામ માનવી માટે પણ સંભવ છે. બસ, એ સંભવ છે એવું વિચારવાની હિંમત કરવી પડે.■

**છેલ્લો ઘા :**

અજીબ આદમી થા વો
મહોબ્બતોં કા ગીત થા
બગાવતોં કા રાગ થા
કભી વો સિર્ફ ફૂલ થા
કભી વો સિર્ફ આગ થા
વો મુફલિસોં સે કહતા થા
કે દિન બદલ ભી સકતે હૈ
વો જાબીરોં સે કહેતા થા
તુમ્હારે સર પર સોને કે જો તાજ હૈ
કભી પિઘલ ભી સકતે હૈ
વો બંદિશો સે કહતા થા
મેં તુમકો તોડ સકતા હું
સહુલતોં સે કહતા થા
મેં તુમકો છોડ સકતા હું
હવાઓં સે વો કહતા થા
મેં તુમકો મોડ સકતા હું
વો ખ્વાબ સે યહ કહતા થા
કે તુજકો સચ કહુંગા મેં
વો આરઝુ સે કહતા થા
કે મેં તેરા હમસફર હું
તેરે સાથ હી ચલુંગા મેં
વો જિંદગી સે કહતા થા
કે તુઝકો મેં સજાઉંગા
તુ મુઝસે ચાંદ માંગ લે
મૈં ચાંદ લેકે આઉંગા
વો આદમી સે કહતા થા
કે આદમી સે પ્યાર કર
ઉજડ રહી હૈં યહ જમીન
કુછ ઈસકા અબ શ્રૃંગાર કર
વો જિંદગી કે સારે ગમ, તમામ
દુ:ખ, હર ઈક સિતમ સે કહતા થા
મેં તુમસે જીત જાઉંગા
કે તુમકો તો મીટા હી દેગા એક રોજ આદમી
ભૂલા હી દેગા યહ યહાં મેરી અલગ હૈ દાસ્તાન

-જાવેદ અખ્તર, કૈફી આઝમી માટે

kana.bantva@dbcorp.in

### નીલે ગગન કે તલે

પ્રદર્શિત થાય છેઃ ભારત, પાકિસ્તાન, બંગલાદેશ અને શ્રીલંકા; તથા અમેરિકા અને ઈંગ્લેન્ડમાં રહેતા તે દેશોના દિગ્દર્શકોની કૃતિઓ. આ તથા આ પ્રકારની ભારતની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના જલસા ગોઠવનાર મોભી સંસ્થા છે, ઈન્ડો-અમેરિકન આર્ટ કાઉન્સિલ. આ ફિલ્મ ફેસ્ટિવાલોમાં ભારતની કે ભારતને લગતી ઈન્ડિપેન્ડેન્ટ, આર્ટહાઉસ, ઓલ્ટર્નેટ અને ડાયાસ્પોરા ઝાન્રની ફિલ્મો ઉપર પેનલ ડિસ્કશન, અને એવોર્ડ સેરેમની વગેરે પણ થાય છે. દર વર્ષની માફક આ વર્ષે પણ વિજેતા ફિલ્મો જાહેર થયેલીઃ શ્રેષ્ઠ ફિલ્મ 'ન્યૂડ.' શ્રેષ્ઠ દિગ્દર્શક નિશિલ શેઠ, શ્રેષ્ઠ અભિનેત્રી કલ્યાણી મૂલે ફિલ્મ 'ન્યૂડ'માં.

અફસોસની વાત તે છે કે ૧૧ ભાષાની ફિલ્મો હતી પણ તેમાં ગુસ્મુજરાતી સિનેમા નોટ ઈવન વન્ન! પણ ગાતા રહે ગગનવાલે કા દિલ્લ... કેમકે ખુદા દેતા હૈ તો છપ્પર ફાડકે દેતા હૈ. ઓગસ્ટ મહિનામાં આવી રહેલ છે, હલો! ટોટલી ઈન્ટરનેશનલ ગુસ્મુજરાતી ફિલ્મ ફેસ્ટિવાલ ઈન ન્યુ જસ્મર્સી! ગગનવાલાના ગામના પાદરે પ્રદર્શિત થશે આજની ગુજરાતી ફિલ્મો. અને બસ હાથમાં ધાણીના પડીકાં ઝાલીને ટગર ટગર નયને અમે ભાળીશું રેવા! ધાડ! ચિત્કાર! ને જેને બી ને જેટલી મોકલવી હોય તેટલી ફિલ્મો મોકલો, હમ દેખેગા સબકુછ વિધાઉટ કોઈ બહાના! તમે ફિલ્મ બનાવી છે? તો મોકલો અબઘડી. નથી બનાવી? તો બનાવો યારો! ગુજરાત કા ધ્વજ પ્રકાશો ઝળહળ કસુંબી, યાહ? જય જય ગરવી ગુસ્મુરાત!■

madhu.thaker@gmail.com

### ડૉક્ટરની ડાયરી

જ રહે. લગભગ પંચાણું વર્ષની ઉંમરે હાર્ટએટેક આવ્યો. આઈ.સી.યુ.માં દાખલ કર્યાં. સ્મિતાએ આંસુભરી આંખે મને પૂછ્યું, 'આન્ટી તમને યાદ કરે છે. આવશો?' હું પહેરેલાં કપડે એની સાથે ચાલી નીકળ્યો. આન્ટી જવાની તૈયારીમાં હતાં. અમે એકાદ કલાક બેઠાં હોઈશું. મને એમનો છેલ્લો ફોટો પાડી લેવાની તીવ્ર ઈચ્છા થઈ આવી, પણ ન લીધો. એમને કેવું લાગશે એવું વિચારીને. આન્ટી બચી ગયાં. સત્તાણુંમાં વર્ષે પગના હાડકામાં ફ્રેક્ચર થયું. ઓપરેશન વખતે પણ સ્મિતા હાજર. ફરીથી મને કહે, 'તમે ખબર પૂછવા આવશો? આન્ટી કદાચ.' હું ગયો. ફોટો લેવાની તીવ્ર ઈચ્છા સંકોચવશ આ વખતે પણ ન પાળ્યો.

પંદરેક દિવસ પહેલાં ફરીથી આન્ટી સિરિયસ. પત્નીની ભીની આજીજી. બપોરના સમયે અમે ગયાં. આન્ટીને જોઈને હું સમજી ગયો. આ વખતે બેઠાં નહીં થાય. મેં એમનાં કાનમાં જોરથી કહ્યું, 'આન્ટી, કેમ છો?' એ ભલી સ્ત્રીએ લગભગ બેભાનાવસ્થામાં ક્ષીણ સ્વરે પૂછ્યું, 'ઘરે બધાં મજામાં? દીકરો? વહુ? બા-દાદા?' છેલ્લી ક્ષણે પણ બીજાની જ ચિંતા.

મેં મોબાઈલનો કેમેરા સેટ કર્યો. બે તસવીરો ખેંચી લીધી. આન્ટી ઘેરી નીંદરમાં પોઢી ગયાં હતાં. હું એમના પગને સ્પર્શ્યો. બે હાથ જોડીને પ્રણામ કર્યા. મનમાં બબડી ગયો, 'અલવિદા, આન્ટી! આવતા જન્મમાં ફરીથી મળજો. તમારા જેવાં નિર્મળ, પવિત્ર અને પરોપકારી જીવો ભાગ્યે જ મળતાં હોય છે.'

એ પછી 4 મેના દિવસે પત્નીએ સમાચાર આપ્યા, 'આન્ટી ગયાં.' ( શીર્ષક પંક્તિઃ ગની દહીંવાલા) ■

drsharadthaker@yahoo.com

### ચિંતનની પળે

સાથે રોજ વાતો થતી હોય એનો અવાજ પણ વિસરાઈ જાય એવું બનતું હોય છે. ફોનબુકમાં નંબર વધતા રહે ત્યારે અમુક નંબર પાછળ પણ ચાલ્યા જતા હોય છે. લાંબા સમય પછી એ નંબર અને નામ સ્ક્રીન પર ચમકે ત્યારે તમારી આંખોમાં અગાઉ જેવી જ ચમક આવે છે? તમારો ટોન એવો જ રહે છે? વાત કરતી વખતે જૂનો સમય જીવતો થઈ જાય છે? તો તમારા સંબંધમાં સત્ય છે. ક્યારેક તો આપણે કોઈને ફોન કરીએ પછી એવું સાંભળવા મળે છે કે બહુ દિવસ પછી યાદ આવ્યો. હવે તો મારી ક્યાં જરૂર જ છે! હવે તો તમે મોટા માણસ થઈ ગયા. અમારા જેવા લોકો ક્યાંથી યાદ આવે? સાંભળીને એમ થાય કે આને ક્યાં ફોન થઈ ગયો?

એક વખત એક છોકરીએ એના મેન્ટરને લાંબા સમય પછી ફોન કર્યો. છોકરીને હતું કે એ કદાચ કંઈક સંભળાવશે. સામે છેડેથી જવાબ મળ્યો. અરે વાહ! તેં ફોન કર્યો. બધું બરાબર છેને? તું ઓકે છેને? છોકરીએ હા કહ્યું ત્યારે મેન્ટરે કહ્યું કે, ભગવાનનો આભાર. તું ખુશ છે એ જાણીને આનંદ થયો. સાચું કહું તારો ફોન આવ્યો ત્યારે થોડી વાર વિચારમાં પડી ગયો હતો કે બધું બરાબર તો હશેને? છોકરીએ કહ્યું, મને તો એવો ડર હતો કે તમે મારાથી નારાજ હશો. મેન્ટરે કહ્યું, ના, જેને આપણે સીંચ્યા હોય, જેના માટે મહેનત કરી હોય એનાથી નારાજ નહીં થવાનું. ક્યારેક તારી યાદ આવી જાય છે ત્યારે તું ખુશ રહે એવી કામના કરું છું. તારા વિશે સારું સાંભળું છું ત્યારે આનંદ થાય છે.

એક બીજા કિસ્સામાં એક છોકરીએ કામ પડ્યું ત્યારે તેના એક સ્વજનને ફોન કર્યો. તેણે કહ્યું કે, તમને એમ થશે કે આજે કામ પડ્યું એટલે હું યાદ આવ્યો, બાકી તો કોઈ દિવસ ફોન કર્યો નહોતો. સ્વજને કહ્યું કે ના, મને એવું જરાયે નથી થતું. અમુક લોકો દીવા જેવા હોય છે. દીવો અંધારામાં જ યાદ આવે. લાઈટ જાય ત્યારે જ આપણે મીણબત્તી શોધીએ છીએ. આગિયા અજવાળામાં દેખાતા નથી. હું તો દીવો છું. અજવાળું થાય ત્યાં સુધી સાથ આપવો મારું કર્તવ્ય છે. સૂરજ ઊગે એટલે ભલેને ચાલી જાય. ઘરમાં ટ્યૂબલાઈટ્સ ઘણી બધી હોય છે, દીવો એક જ હોય છે. એક જ દીવો પૂરતો હોય છે. દરેક માણસમાં એક 'દીવાપણું' જીવતું હોય છે. એને જીવતું, જાગતું અને પ્રજ્વળતું રાખવું પડે. કદરની રાહ ન જુઓ, કદરની અપેક્ષા ન રાખો. કદર તો રહેવાની જ છે, કોઈના માટે કંઈ કરવાનું હોય ત્યારે તમારા માટે કરતા હોય એવું જ વિચારો. સુખી થવા માટે સંબંધોમાં પણ 'સ્વનિર્ભર' થવું પડે છે. ■

**છેલ્લો સીન :** સંબંધમાં હિસાબ માંડીએ તો ખોટમાં જ રહેવાના, ગણતરી વગરના સંબંધો જ સાર્થક અને સજીવન રહે છે. - કેયુ

kkantu@gmail.com